# શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આ.કૃ.યુ., વડોદરા ખાતે મેન્ટર યુનિવર્સના સહયોગથી હોર્ટીકલ્ચરના વિધાર્થીઓ માટે “ઇન્ડીયા અને એબ્રોડ સ્ટડી વિષયે કારકિંદી સેમીનાર” યોજાયો.

શેઠ ડી. એમ. પોલીટેકનીક ઇન હોર્ટીકલ્ચર, આ.કૃ.યુ., મોડલફાર્મ, વડોદરા ખાતે તા: ૧૮/૦૪/૨૦૨૩ ના રોજ મેન્ટર યુનિવર્સના સહયોગથી હોર્ટીકલ્ચર (બાગાયત) ના વિધાર્થીઓ માટે દેશમાં અને વિદેશમાં અભ્યાસ તથા રોજગારીની વિવિધ તકો અંગે સેમીનારનું આયોજન અત્રેની કોલેજના આચાર્યશ્રી ડૉ. બી. એચ. પંચાલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતું. જેમાં બાગાયત ડીપ્લોમાંના ૧૦૫ વિધાર્થીઓએ તથા સ્ટાફે ભાગ લીધેલ. કાર્યક્રમની શરુઆતમાં મેન્ટર યુનિવર્સમાંથી મેન્ટર નિષ્ણાંત તરીકે શ્રી સુમેષ ખંડેલવાલ તથા તેમના સહયોગી મોહનીશ જગતાપનું અત્રેની કોલેજમાં આચાર્યશ્રીએ શાબ્દિક તથા બુકેથી સ્વાગત કર્યુ હતું. મેન્ટર યુનિવર્સના શ્રી ખંડેલવાલે બાગાયત ક્ષેત્રની દેશ તથા વિદેશમાં વધી રહેલ માંગનો ચિતાર આપેલ તથા સ્કીલ્ડ ડેવેલોપડ નિષ્ણાતોની માંગ વધી રહેલ છે તેમ જણાવેલ. બાગાયત ક્ષેત્રમાં વિદેશમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ છે જે ખાસ કરીને ટર્ફલોન મેનેજમેન્ટ, ગ્રીન હાઉસ મેનેજમેન્ટ, સ્પોર્ટસ ગ્રાઉન્ડ મેનેજમેન્ટ, લેન્ડ સ્કેપીંગ એન્ડ આર્ટિકયુલેટિગ, વર્ટિકલ ફાર્મિંગ, હાઇડ્રોપોનીકસ,એરોપોનિક્સ વગેરે ક્ષેત્ર નવા આયામો વિકસી રહયા છે તે જણાવેલ શ્રી મોહનીશ જગતાપે દેશ-વિદેશમાં કારકિંદી બનાવવા માટે વિધાર્થીઓએ શુ કરવું જોઇએ તથા વિદેશમાં અભ્યાસ પ્રવેશ તથા વર્ક અંગેની માહિતી આપેલ. અંતમાં એસ.આર.સી. ચેરમેન ડૉ. આર. જે. મકવાણાએ આભારવિધિ કરી રાષ્ટ્રગાન ગાઇને કાર્યક્રમને પુર્ણ જાહેર કરેલ.








Opportunities For
Horticulture Students
Globally






Let's Begin
Right
Let's Begin
Now



